## ભજન:૯

### હે કરુણાના કરનારા

હે કરુણાના કરનારા, તારી કરુણાનો કંઇ પાર નથી
હે સંકટના હરનારા, તારી કરુણાનો કંઇ પાર નથી

મારા પાપ ભર્યાં છે એવા, તારી ભુલ્યો કરવી સેવા
મારી ભુલોના ભુલનારા, તારી કરુણાનો.......

હે અંતરમાં થઇ રાજી, ખેલ્યો છું અવળી બાજી
અવળી સવળી કરનારા, તારી કરુણાનો.......

ભલે છોરુ કછોરું થાયે, તું માવતર કહેવાયે
મીઠી છાયાનાં દેનારા, તારી કરુણાનો........

મને જડતો નથી કિનારો, મારો કંયાથી આવે આરો
મારા સાચા ખેવનહારા, તારી કરુણાનો......

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો.......

છે ભકતોનું દિલ ઉદાસી, તારા ચરણે લે અવિનાશ
ભકતોના દિલ હરનારા, તારી કરુણાનો.....